# રંગ વંદના



॥ श्री गणेशाय नमः ॥

॥ अवधूत चिंतन श्री गुरुदेव दत्त ॥

॥ श्री योगेश्वरो विजयते ॥

# શ્રી રંગ વંદના

॥ પરંપરા પૂજન ॥

શ્રી રંગ રંગ વિઠ્ઠલ સુત રંગ રંગ
શ્રી રંગ રંગ રૂકમા સુત રંગ રંગ
શ્રી રંગ રંગ અત્રી કુળ સંત રંગ
શ્રી રંગ રંગ ઋષી કુળ વસંત રંગ -૧

* સર્વવ્યાપી રંગ

શ્રી રંગ રંગ વસુધા સુખ રંગ રંગ
શ્રી રંગ રંગ પૃથીવી સુત રંગ રંગ
શ્રી રંગ રંગ ધરણી ધર રંગ રંગ
શ્રી રંગ રંગ ઉર્વી ધન રંગ રંગ -૨

શ્રી રંગ રંગ સરિતા સુખ ગીત રંગ
શ્રી રંગ રંગ જલગંગ પપાત રંગ
શ્રી રંગ રંગ યમુના કલ નાદ રંગ
શ્રી રંગ રંગ રેવા સ્વરનાદ રંગ -૩

શ્રી રંગ રંગ નભ ગર્જન રંગ રંગ
શ્રી રંગ રંગ નભ વિદ્યુત રંગ રંગ
શ્રી રંગ રંગ નભ ઈન્દ્રધનુષ્ય રંગ
શ્રી રંગ રંગ નભ ચંદ્ર સ્વરૂપ રંગ –૪

શ્રી રંગ રંગ ગિરિ પર્વત વાસ રંગ
શ્રી રંગ રંગ અર્બુદ નિવાસ રંગ
શ્રી રંગ રંગ ગરુડેશ્વર શ્રેષ્ઠ રંગ
શ્રી રંગ રંગ નારેશ્વર નાથ રંગ –૫

* સંરક્ષક શ્રી રંગ

શ્રી રંગ રંગ અહ-વિઅહ નાથ રંગ
શ્રી રંગ રંગ જડ આગ્રહ નાશ રંગ
શ્રી રંગ રંગ સદ્ આગ્રહ માર્ગ રંગ
શ્રી રંગ રંગ ઈશ આગ્રહ અર્પ રંગ –૬

* સર્વ શાસ્ત્ર સુજાણ રંગ

શ્રી રંગ રંગ ભગવદ્ ગીત રંગ રંગ
શ્રી રંગ રંગ ધ્વની વેદ તરંગ રંગ
શ્રી રંગ રંગ શ્રુતી નાયક રંગ રંગ
શ્રી રંગ રંગ સ્મૃતી ગાયક રંગ રંગ –૭



* સ્નેહ સ્વરૂપ રંગ

શ્રી રંગ રંગ નયનામૃત રંગ રંગ
શ્રી રંગ રંગ અધરામૃત રંગ રંગ
શ્રી રંગ રંગ વચનામૃત રંગ રંગ
શ્રી રંગ રંગ વદનામૃત રંગ રંગ –૮

* વિકાસનો ઉલ્લાસ રંગ

શ્રી રંગ રંગ ઉલ્લાસ વિલાસ રંગ
શ્રી રંગ રંગ ઉત્કર્ષ વિકાસ રંગ
શ્રી રંગ રંગ ઉદ્વેગ વિનાશ રંગ
શ્રી રંગ રંગ ઉન્મુક્ત વિપાશ રંગ –૯

* પ્રભુ પ્રિય રંગ

શ્રી રંગ રંગ જનની પ્રીય રંગ રંગ
શ્રી રંગ રંગ ગુરુ આત્મીય રંગ રંગ
શ્રી રંગ રંગ લીલામૃત ગીત રંગ
શ્રી રંગ રંગ દત્તાત્રય પ્રીત રંગ –૧૦

* ઈશ્વર સ્વરૂપ રંગ

શ્રી રંગ રંગ યોગેશ્વર રંગ રંગ
શ્રી રંગ રંગ યોગીશ્વર રંગ રંગ
શ્રી રંગ રંગ હૃદયેશ્વર રંગ રંગ
શ્રી રંગ રંગ વિશ્વેશ્વર રંગ રંગ –૧૧

* સગુણ નિર્ગુણ રંગ

શ્રી રંગ રંગ બહુ રંગ અરંગ રંગ
શ્રી રંગ રંગ બહુ સંગ અસંગ રંગ
શ્રી રંગ રંગ બહુ અંગ નઅંગ રંગ
શ્રી રંગ રંગ બહુ વ્યંગ નવ્યંગ રંગ -૧૨

* આત્મ કવચ રંગ

શ્રી રંગ રંગ અઘહારક રંગ રંગ
શ્રી રંગ રંગ અરી મારક રંગ રંગ
શ્રી રંગ રંગ કુલ તારક રંગ રંગ
શ્રી રંગ રંગ કલી તારક રંગ રંગ -૧૩

* પ્રાર્થના

શ્રી રંગ રંગ મન વાંચ્છીત અર્પ રંગ
શ્રી રંગ રંગ અઘ માર્ગ વિદાર રંગ
શ્રી રંગ રંગ તવ ચર્ણ નિવાસ રંગ
શ્રી રંગ રંગ મમ જીવન શ્વાસ રંગ -૧૪

રચયીતા-દિનેશ દ. પાઠક



## અનસૂયા માવડી

અનસૂયા માવડી હું પૂજું તારી પાવડી
કરુણાથી ભીની ભીની છલકંતી આંખડી
...હું પૂજું તારી પાવડી.

અત્રીની પૂજા કીધી ત્રીગુણથી પાર થઇ
ઋષી તુજથી શરમાઇ અનસૂયા માત થઈ
જગના અંધાર મહીં આંધળાની લાકડી હું પૂજું

બ્રહ્મા વિષ્ણુ ને શિવજી ભીક્ષુક થઇ આવીયા
નીર્વસ્ત્રે ભીક્ષા માગી, બાળક બનાવીયા
આવરણ વીનાની કાયા જાણે પદ્મ પાંખડી...હું પૂજું...

દ્રષ્ટિ નિર્દોષ બાળ જેવી જો ચાગે
વિકારો પણ શરમાતા જોઈ કોરી કાયે
દેવો શરણે જઈ કે'તા માવડી ઓ માવડી...હું પૂજું...

દીધો તેં સુત જગને દત્તાત્રય નામ એનું
આપી કે પાજી સૌને તારવાનું કામ તેનું
ભોગીને તરવા દીધી યોગ તણી નાવડી....હું પૂજું...

- ૐ -

## અત્રી અનસૂયાના કુમાર

અત્રી અનસૂયાના કુમાર. આવુ તુંજ શરણે
દઇ દેવપણું દત્તાત્રય થાય. આવુ તુંજ શરણે

* વિશ્વવ્યાપી દિગંબર જે સઘળે વસે
અલ્પ વ્યાપી હું હૈયામાં મારા હસે
મને લાગ્યો છે તારો વિકાર...આવું તુંજ શરણે

* અન્નપૂર્ણા ઝોળીમાં જઇને રમી
તેથી આખાયે જગ કેરી ભુખ છે શમી
કેંક જન્મોની ભૂખ મટી જાય... આવું તુ જ શરણે

* જ્ઞાન ગંગા કમંડળ મહી નાચતી
માઝ જીવ અને જગદીશ સબંધ બાંધતી
શંખ નાદ બ્રહ્માના સૂર ગાય ..આવુ તુંજ શરણે

* એના ત્રીશૂળે ત્રીવીધ સંતાપો બળે
વળી જન્મોનો ચકરાવો ચક્રથી ટળે
પદ્મ જેવું જીવન શુદ્ધ થાય...આવું તુંજ શરણે



* વેદ શ્વાન બની ચરણોને ચુંબન કરે
વદે નેતી નેતી ને અચરજથી જુવે
મળે ભોગીને યોગનો વિચાર...આવુ તુંજ શરણે

* દીન હીન તોય મુજને તેં શરણું દીધું
કીધો દિલનો સત્કાર ને અભય પદ દીધું
આત્મ ગૌરવનો કીધો સંચાર...આવું તુંજ શરણે



મારી પ્રેરણા મુર્તિ

પૂજ્ય પાડુરંગ આઠવલે શાસ્ત્રીજી

પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજ

અને

મારા માતુશ્રી-પિતાશ્રી તેમજ મારા મિત્રો

અને આત્મીય સ્નેહીજનોને

- સાદર અર્પણ -

-દિનેશ, પુનીતા, જાગૃતી, નીર્મલ

નાં સ્નેહ વંદન

પ્રેષક :

દિનેશ દ. પાઠક

૭-શાંતિનગર સોસાયટી,

આઇ. ટી. આઇ. પાસે,

તરસાલી રોડ, વડોદરા-૩૯૦ ૦૦૯